## મોડાસામાં મૃતક કોરોનાગ્રસ્ત યુવકના પરિવારના ૧૬ને કોરોના પોઝિટીવ આવતા હાહાકાર

# અરવલ્લીમાં વધુ ૨૧ કોરોનાગ્રસ્ત સાથે ૬૮ એ પહોંચ્યો આંક

મોડાસા, તા. ૮

મોડાસા શહેરમાં ૩૧ વર્ષીય હનીફ ઉસ્માનગની ગુજરાતી નામનો યુવક માતાને કિડનીની ગંભીર બીમારી હોવાથી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર ચાલતી હતી, અગમ્ય કારણોસર યુવકની માતાને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવતા મોડાસા ખાતે ઘરે લાવ્યાના ટૂંકા ગાળામાં મોત નિપજતા મોડાસામાં અંતિમવિધિ કરવામાં આવી હતી. ૭ દિવસ પછી હનીફ ગુજરાતીની તબિયત લથડતા કોવીડ-૧૯ હોસ્પિટલમાં ખસેડાયો હતો યુવકને શંકાસ્પદ કોરોનાના લક્ષણો જણાતા યુવકનો કોરોનાનો રિપોર્ટ પોઝેટીવ આવ્યોના ગણતરીના કલાકોમાં મોતને ભેટતા ચકચાર મચી હતી. કોરોનાથી મોત સામે જંગ હારી જનાર યુવક અજાણતા જ કોરોનાનો સુપર સ્પ્રેડર હોય તેમ તેના પિતા, બે ભાઈ, ૩ ભાભી, બહેન, ભત્રીજી-ભત્રીજો અને તેના ભાઈના સાસરીપક્ષના ૪ લોકો મળી ૧૬ લોકો કોરોનાનો ભોગ બનતા તમામ કોરોનાગ્રસ્ત દર્દીઓને સારવાર અર્થે કોવીડ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

આરોગ્યતંત્રે યુવકના સંપર્કમાં આવેલા પરિવારજનોને કોરન્ટાઈન કરી કોરોનાનો રિપોર્ટ કરાવતા બુધવારે ૪ અને ગુરુવારે વધુ ૧૦ પરિવારના સદસ્યોનો કોરોના રિપોર્ટ પોઝેટીવ આવતા હાહાકાર મચ્યો છે. યુવકની માતાની અંતિમ વિધિમાં જોડાયેલા અને સંતાવના આપવા પહોંચેલા સગા-સંબંધીઓ અને સમાજના લોકોમાં ફફડાટ ફેલાયો છે. આરોગ્યતંત્રએ મોડાસા શહેરને વુહાન બનતું અટકાવવા કોરોનાની ચેન તોડાવી લોઢાના ચણા ચાવવા બરાબર હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. આરોગ્યતંત્રે યુવક અને યુવકની માતાના સંપર્કમાં આવેલા લોકોની કોન્ટેક્ટ હિસ્ટ્રી મેળવી કોરન્ટાઈન નહિ કરે તો મોડાસા શહેરમાં કોરોના તાંડવ મચાવશે




યુવકના સંપર્કમાં આવેલ એક રેડીયોલોજીસ્ટ અને અન્ય તબીબ અને આરોગ્યલક્ષી કર્મચારીઓ હોમ કોરન્ટાઈન થયા હોવાની માહિતી પ્રાપ્ત થઇ હતી. મૃતક યુવકના સંક્રમિત થયેલા પરિવારજનો અને સગા-સંબંધીઓ શહેરની લઘુમતી વિસ્તારની અલગ-અલગ રહેણાંક વિસ્તાર અને સોસાયટી વિસ્તારમાં રહેતા હોવાથી લઘુમતી સમાજના લોકો કોરોનાના ભયથી ફફડી ઉઠ્યા છે.

અરવલ્લી જિલ્લામાં કોરોનાએ અજગરી ભરડો લીધો હોય તેમ રોજે રોજ કેસોમાં વધારો થતો જાય છે. જેના કારણે જિલ્લાના લોકોમાં ભારે ફફડાટ ફેલાયો છે. ગુરુવારે વધુ ૧૯ લોકો કોરોનાથી સંક્રમિત બન્યા હતા. જેમાં મોડાસામાં ૧૨, ટીંટીસર, તરકવાડા અને ટીંટોઈ મળી ૧૯ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધી કોરોના કુલ-૬૮ કેસ નોંધાયા છે. ઉલ્લેખનીય છે કે મોડાસામાં કોરોનાથી યુવકનું મોત નિપજ્યું હતું પરંતુ આ યુવક અજાણતા જ કોરોનાનો સુપર સ્પ્રેડર હોય તેમ મોડાસાના લઘુમતિ વિસ્તારમાં જ મોટા ભાગના કેસ નોંધાયા છે.

અરવલ્લી જિલ્લામાં ગુરૂવારના રોજ એક સાથે વધુ ૧૯ કેસ નોંધાયા હતા. જિલ્લામાં કોરોનાથી લોકોમાં ભારે ફફડાટ ફેલાયો છે ત્યારે અરવલ્લીમાં કોરોના કેસ આવવા પાછળ તંત્રની સાથે લોકો પણ એટલા જ જવાબદાર છે. એક સાથે અધધ કેસ વધી જતાં જિલ્લાનું તંત્ર પણ ઉંધા માથે પછડાયું છે.

કોરોનાનો કહેર દિવસે ને દિવસે ખૂબ જ વધી રહ્યો છે. ત્યારે અમદાવાદ અને રાજસ્થાનની વચમાં પીસાયેલ અરવલ્લીમાં બંને બાજુથી આવનાર લોકો કોરોના લઈને આવી રહ્યા હોવાનું મનાઈ રહ્યું છે. જિલ્લામાં લોકડાઉન ૧ થી લઈને લોકડાઉન ૩ સુધીમાં અધધ કહી શકાય એટલા કેસોમાં વધારો થયો છે. પ્રથમ વખતે એક સાથે ૯ કેસ વધી ગયા હતા છતાં તંત્ર અને લોકોની ઢીલી નિતિને કારણે જિલ્લામાં ઉત્તરોત્તર કેસોમાં વધારો થયો છે. ત્યારે બુધવારના રોજ એક સાથે ૨૫ કેસ અને ગુરુવારના રોજ ૧૯ કેસ પોઝીટીવ આવતાં જિલ્લાવાસીઓ રીતસરના ફફડી ઉઠ્યા છે પરંતુ હજુ જાગૃત થયા હોય તેવું લાગતું નથી.

# બનાસકાંઠામાં કોરોના વાયરસ બેકાબુ : વધુ ૧૦ કેસ

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસ બેકાબુ બની રહ્યો છે. જ્યાં હવે ગ્રામીણ




વિસ્તારોમાં કોરોના વાયરસનો વિસ્ફોટ થઈ રહ્યો છે. અમદાવાદ, સુરત, રાજકોટ સહિતના શહેરોમાંથી ચેપ લઈને આવેલા લોકો સંક્રમણ વધારી રહ્યા છે. પરિણામે શુક્રવારે વધુ ૧૦ પોઝિટિવ કેસ નોંધાતા આરોગ્ય વિભાગમાં ભારે દોડધામ મચી જવા પામી છે. જ્યાં પાલનપુર તાલુકામાં ૨, ધાનેરા તાલુકામાં ૨, દાંતા તાલુકામાં ૩, વડગામ માં ૨ અને થરાદમાં ૧ મળી કુલ ૧૦ નવા પોઝિટિવ કેસ નોંધાતા પ્રજાજનોમાં ફફડાટ પ્રસરી ગયો છે. જિલ્લામાં કુલ આંક ૭૯ થયો છે.

વિશ્વભરમાં હાહાકાર મચાવનાર કોરોના વાયરસનું સંક્રમણ બનાસકાંઠા જિલ્લામાં પણ દિન પ્રતિદિન વધી રહ્યું છે. જ્યાં હવે ગ્રામીણ વિસ્તારોમાં કોરોના વાયરસનો વિસ્ફોટ થઈ રહ્યો છે. શરૂઆતમાં પાલનપુર અને વાવ વિસ્તારમાં પોઝિટિવ કેસ આવ્યા બાદ હવે જિલ્લાના અન્ય ગ્રામીણ વિસ્તારોમાં પણ કોરોનાના કેસો વધી રહ્યા છે. જ્યાં અમદાવાદ, સુરત, રાજકોટ સહિતના શહેરોમાંથી ચેપ લઈને આવેલા લોકો સંક્રમણ વધારી રહ્યા છે. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી મનીષ ફેન્સીએ જણાવ્યું હતું કે, જિલ્લામાં પાલનપુર તાલુકાના સામઢી ગામે ૧, દાંતામાં મોટાસડામાં ૧, વડગામના મજાદરમાં૧, સિસરાણામાં ૧, ધાનેરામાં ૨ અને થરાદમાં ૧ મળી કુલ ૧૦ નવા પોઝિટિવ કેસ નોંધાયા હતા. કોરોના વાયરસનું લોકલ સંક્રમણ વધતાં હવે બહારથી આવતાં લોકો સામે કડક કાર્યવાહી કરી તમામનું સ્ક્રેનિગ તેમજ હોમ કોરેન્ટાઈન કરવા ઉપર ખાસ ભાર મૂકવામાં આવશે. આ કાર્યવાહી કરવા માટે અધિકારીની ટીમ બનાવવામાં આવશે. દરમિયાન પોઝિટિવ લોકોના ગામમાં આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ત્વરિત સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. અને આ દર્દીઓના સંપર્કમાં આવેલા લોકોને શોધી હોમ કોરેન્ટાઈન કરવામાં આવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૪ પોઝિટિવ કેસ સાથે સંખ્યા ૭૯ થવા પામી છે. જ્યારે કોરોનાથી અત્યાર સુધીમાં ૨ મોત થયા છે.

### ધાનેરાના શહેરી વિસ્તારમાં એક કેસ પોઝિટિવ આવતા તંત્ર એલર્ટ બન્યું

ધાનેરાના શહેરી વિસ્તારમાં એક કેસ કોરોના પોઝિટિવ આવતા તંત્ર પણ એલર્ટ મોડ પર જોવા મળી રહ્યું છે અને વધુ પડતું કોરોના નું સંક્રમણ ન વધે તે માટે કાર્યવાહી કરવામાં આવી રહી છે તો ક્યાંક ને ક્યાંક લોકો પણ ભયભીત બન્યા છે અને લોકોમાં પણ જાગૃત આવી છે ત્યારે આજે ધાનેરા શહેરના તમામ રસ્તાઓ સૂમસામ બન્યા તમામ વેપારીઓએ પોતાના ધંધા રોજગાર બંધ રાખ્યા હતા અને લોકોએ પણ બજારમાં આવવાનું ટાળ્યું હતું તો બીજી તરફ પોલીસ દ્વારા પણ પોતાની ફરજ અદા કરી રહી છે અને ધાનેરાના શહેરી વિસ્તારમાં પોલીસ સિવાય લોકો ભાગ્યે જ નજરે ચડતા હતા અને તમામ રસ્તાઓ તેમજ તમામ દુકાનો સૂમસામ જોવા મળી છે



સમગ્ર દેશભરમાં કોરાનામાં ગુજરાત પણ સપડાયુ છે. હાલની પરિસ્થિતિમાં મહેસાણા જિલ્લામાં સારા માંગલિક પ્રસંગો લોકડાઉનના કારણે બંધ થવા પામ્યા છે. મહેસાણા જિલ્લામાં કર્મકાંડી બ્રાહ્મણો અને મંદિરના પૂજારીઓને આજીવન આના ઉપર ચાલતુ હોય છે. હાલના સંજોગો સરકાર દ્વારા આર્થિક રાહત મળે તે માટે એક આવેદનપત્ર મહેસાણાના સાંસદ જુગલજી લોખંડવાલાને બ્રહ્મસમાજના શાસ્ત્રી પદ્યુમન મહેતા (ઉર્ફે લાલાકાકા), કૌશલ દવે, મહેસાણા ગણપતિ મંદિરના મહંત લાલજી મહરાજ, પિયુષ વ્યાસ નજરે પડે છે. આ ઉપરાંત મહેસાણા કલેક્ટર ઓફીસે પણ આવેદનપત્ર અપાયુ હતુ.



ખેડબ્રહ્મા તાલુકાની દામાવાસ ગ્રુપ સેવા સહકરી મંડળીના ચેરમેન મોહનભાઈ પટેલ, સેક્રેટરી શામજીભાઈ પટેલ અને સભ્ય અરવિંદભાઈ પટેલ હાજર રહી પ્રાંત અધિકારી કૌશિકભાઈ મોદીને મુખ્યમંત્રી રાહત ફંડમા રૂ. ૫૧૦૦ અને પ્રધાનમંત્રી રાહત ફંડમાં ૧૧૦૦૦ના ચેક અર્પણ કર્યા હતા. આ ઉપરાંત ધોળીવાવ દૂધ મંડળી દ્વારા ૨૧૦૦૦નો ચેક મુખ્યમંત્રી રાહત ફંડમાં આપવામાં આવ્યો હતો.

# જુનાડીસામાં સુરતથી આવેલ પરિવારને ડી. જે. એન. મહેતા હાઈસ્કુલમા સરકારી કોરોન્ટાઈન કરાયા

## જિલ્લા વહીવટીતંત્રની સતર્કતાને કારણે હજારો લોકોને કોરોના સંક્રમણથી બચાવી શકાયા છે : સંદીપ સાગલે

બનાસકાંઠા કલેકટરશ્રી સંદીપ સાગલેએ જણાવ્યું છે કે અત્યાર સુધી બનાસકાંઠા જિલ્લામાં ૬૫ જેટલાં કોરોના પોઝીટીવ કેસ નોંધાયા છે. આમાંથી મોટાભાગના કેસો આવ્યા છે એ બહારથી આવેલા એટલે કે રેડઝોન હોટસ્પોટ અને અર્બન વિસ્તારમાંથી આવેલા લોકોના કારણે ઉભરી આવ્યા છે ત્યારે કોરોના હોટસ્પોટ-બહારના જિલ્લામાંથી આવતા લોકોની જાણ વહીવટીતંત્રને કરવા બનાસકાંઠા જિલ્લા કલેકટરે નાગરિકોને અનુરોધ કર્યો છે. તેમણે કહ્યું કે છેલ્લા દોઢેક મહિનાથી બહારથી આવતા લોકો પર તંત્રની ચાંપતી નજર હતી અને બહારથી આવેલા લોકોને કોરોન્ટાઈન કરી રાખવામાં આવ્યા હતા તે લોકોના કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે. વહીવટીતંત્રની સતર્કતાને કારણે બહારથી આવેલા લોકોને કોરોન્ટાઈન કરાયા હતા. હજારો લોકોને કોરોના સંક્રમણથી બચાવી શકાયા છે. રેડઝોન-મોટા શહેરોમાંથી પરવાનગી વિના બનાસકાંઠા જિલ્લામાં આવતા લોકોની જાણ વિલેજ કન્ટેઈનમેન્ટ કમીટી, તાલુકા વહીવટીતંત્ર અને જિલ્લા કંટ્રોલ રૂમને જાણ કરવામાં આવે તો બહારથી આવનાર લોકોને સમયસર સારવાર આપી શકીએ. અને તેમનાથી બીજા લોકો સંક્રમિત ન થાય તેની તકેદારી રાખી શકીએ. બહારથી આવેલા લોકો જાણકારી છુપાવતા હોય તો તે માહિતી તંત્રને કોરોના સંક્રમણને અટકાવવામાં લોકો મદદરૂપ બને તેવી કલેકટરએ બનાસ-વાસીઓને અપીલ કરી છે સરકારી કોરૉન્ટાઈનને સફળ બનાવવા સંરપચ બબાભાઈ અને સેવાભાવી ડે. સરપંચ ફારુકભાઈ દાણીનો ખુબ ખુબ આભાર માન્યો હતો.

# રાજસ્થાન સરકારની વધુ એક નૌટંકી

## રાજસ્થાનમાં શામળાજી રતનપુર ચેકપોસ્ટથી પ્રવેશતા યાત્રિકોને અટકાવતા હોબાળો, યાત્રિકો પરત ફરવા મજબુર

રાજયમાંથી પરપ્રાંતીય લોકોને વતન મોકલવા માટે પુરજોશમાં કામગીરી આદરી છે કેટલાક પરપ્રાંતીય લોકો સ્થાનિક પ્રશાસન તંત્ર પાસે પાસ મેળવી વતનની વાત પકડી છે કેટલાય શ્રમિકો પગપાળા વતન તરફ પ્રયાણ કર્યું છે. રાજસ્થાન સરકારે અગાઉ પણ શ્રમિકોને રાજસ્થાનમાં પ્રવેશ કરતા અટકાવ્યા હતા ત્યારે વધુ એકવાર રાજસ્થાન સરકારે શામળાજી રતનપુર ચેકપોસ્ટથી પ્રવેશતા રાજસ્થાની સહીત અન્ય રાજ્યના લોકોને પ્રવેશ અપાતા અટકાવતા રતનપુર ચેકપોસ્ટ પર હોબાળો થયો હતો વાહનો મારફતે પ્રવેશવા માંગતા લોકોને રાજસ્થાન પોલીસે અટકાવતા વાહનોની લાંબી કતાર લાગી હતી. શામળાજી સહીત જિલ્લા પોલીસતંત્ર માટે કોયડારૂપી પ્રશ્ન બન્યો છે. જિલ્લા પોલીસવડા મયુર પાટીલે પરપ્રાંતીય યાત્રિકોને ગૃહ મંત્રાલય તરફથી મળેલ પાસ મળેલ હોય તેમને જ રતનપુર ચેકપોસ્ટ તરફ આવવા અપીલ કરી હતી.

લોકડાઉનમાં ધંધા-રોજગાર બંધ થતા પરપ્રાંતીય લોકોની હાલત દયનિય બનતા પરપ્રાંતીય લોકો એનકેન પ્રકારે પણ વતન જવા અધીરા બન્યા છે. રાજસ્થાન સરકારે અચાનક ૬ મે પછીના પછીના પાસધારકોને રાજસ્થાન સરકારે પ્રવેશ પ્રતિબંધ મૂકી દેતા રાજસ્થાન બોર્ડર પર સ્થિતિ વણસી હતી અરવલ્લીની શામળાજી રતનપુર ચેકપોસ્ટ સરહદ પરથી પ્રવેશ આપવાનું બંધ કરી દેતા મોટી માથકૂટ સર્જાઈ છે.



રાજસ્થાનને અડીને આવેલ શામળાજી રતનપુર ચેકપોસ્ટ પરથી પરપ્રાંતીય યાત્રિકોને ગત રાત્રિથી પ્રવેશતા અટકાવતા પરપ્રાંતીયોના ટોળા વળ્યાં હતા. ગાડીઓની લાંબી લાંબી કતારો જોવા મળી રહી છે. પોલીસે સરકારની પરવાનગીનું બહાનું આપીને જાણે લોકોને રીતસરના રઝળાવી દેતા ૪૩ ડિગ્રી તાપમાનમાં લોકો વાહનોમાં અને રોડ પર રીતસરના શેકાઈ ગયા હતા શામળાજી રતનપુર ચેકપોસ્ટ પર પરપ્રાંતીય વાહન ચાલકોની લાંબી કતારો જામતા અને રોડ પર ધાડેધાડા ઉતરતા શામળાજી અને અરવલ્લી જિલ્લા પોલીસતંત્રમાં ભારે દોડધામ મચી હતી. શામળાજી-રતનપુર ચેકપોસ્ટ પર અટવાયેલા પરપ્રાંતીયોને પોલીસે પરત મોકલતા ટ્રાફિકજામના દ્રશ્યો ઓછા થયા હતા.

શામળાજી-રતનપુર સરહદ પર પરપ્રાંતીય લોકોની લાચારીની લાઈન જોવા મળી છે. અટવાયેલા પરપ્રાંતીય યાત્રિકોને ભોજન પીવાના પાણીના પણ ફાંફા છે. દરમિયાન રાજસ્થાન સરકાર તેમની મજબુરી પર પડ્યા માથે પાટું રહી હોય તેવો ઘાટ સર્જાયો છે.

### અરવલ્લી એસપી મયુર પાટીલે પરપ્રાંતીયોને અપીલ કરી

રાજસ્થાન પ્રશાસન તંત્રે અરવલ્લી જિલ્લાની શામળાજી-રતનપુર આંતરરાજ્ય સરહદ પરથી પરપ્રાંતીય લોકોને પ્રવેશતા અટકાવતા અરવલ્લી જિલ્લા પોલીસતંત્ર માટે નવી આફત પેદા થઈ રહી છે.

જિલ્લા પોલીસવડા મયુર પાટીલે પરપ્રાંતીય યાત્રિકો અને શ્રમિકોને અપીલ કરી જણાવ્યું હતું કે રાજસ્થાન પ્રશાસનતંત્ર કલેક્ટરનો પાસ ગ્રાહ્ય રાખતા ન હોવાથી ફક્ત ગૃહ મંત્રાલય તરફથી આપવામાં આવેલ પાસને માન્ય રાખી પ્રવેશ આપે છે જેથી ગૃહ મંત્રાલય તરફથી પાસ મળ્યો હોય તો જ અરવલ્લી જિલ્લાની સરહદ પર આવવા અપીલ કરી જિલ્લા પ્રશાસન તંત્રને સહકાર આપવા અપીલ કરી હતી.






## સાબરકાંઠા જિલ્લામાંથી ૪૨ એસટી બસોમાં યુપીના ૧૨૬૭ લોકોને વતનમાં મોકલ્યા

લોકડાઉન વચ્ચે ગુજરાતમાં વિવિધ રાજ્યના લોકો ફસાયેલા જે આ મહામારીને લઈને પોતાના વતન જવા માટે સરકાર ધ્વારા વ્યવસ્થા કરવામાં આવી હતી તેના ભાગ રૂપે શુક્રવારે સાબરકાંઠા જીલ્લામાંથી યુપીના ૧૨૬૭ લોકોને ૪૨ એસટી બસોમાં બેસાડી મહેસાણા રવાના કરાયા હતા જ્યાંથી સાંજે ૭ વાગે રેલ્વેમાં યુપીમાં રવાના કરાશે. સાબરકાંઠા જીલ્લાના આઠ તાલુકામાં વસતા યુપીના ૧૨૬૭ લોકોને શુક્રવારે એસટી બસો ધ્વારા મહેસાણા રવાના કરાયા હતા જ્યાંથી સાંજે ૭ વાગે રેલ્વેમાં યુપી રવાના કરાશે તે પૂર્વે હિમતનગરમાં પાલિકા ધ્વારા ડૉ. નલીનકાંત ગાંધી ટાઉનહોલમાં હિમતનગર શહેરના ૨૭૧ લોકોને સોશ્યલ ડિસ્ટન્સ સાથે આરોગ્યની તપાસણી કરી એસી હોલમાં બાહુબલી ફિલ્માં બતાવી બપોરનું ભોજન આપ્યું હતું. ત્યારબાદ ૯ એસટી બસોમાં સોશયલ ડિસ્ટન્સ સાથે બેસાડ્યા હતા અને પ્રાંત અધિકારી વાય.એસ. ચૌધરી, ચીફ ઓફિસર અલ્પેશ પટેલે લીલી ઝંડી આપી મહેસાણા રવાના કરાઈ હતી. આ અંગે પ્રાંત અધિકારીએ જણાવ્યું હતુ કે જીલ્લા માંથી ૧૨૬૭ યુપીના લોકો પાસેથી રૂ. ૬૦૦ ભાડા પેટે લેવાયા હતા અને શુક્રવારે બપોરે ૪૨ એસટી બસોમાં મહેસાણા રવાના કરાયા હતા. જ્યાં રેલ્વેમાં સાંજે ૭ વાગે યુપીમાં રવાના કરાશે. તો પર પ્રાંતિયોને વતન જવા માટેના ભાડા પર રાજકારણ શરુ કર્યું હતું અને સરકારે પણ ભાડું આપવાની વાત કરી તો કોંગ્રેસે પણ ભાડું આપવાની જાહેરાત કરી દીધી હતી. પરંતુ કોઈએ ભાડું આપ્યું ન હતું પરંતુ પર પ્રાંતિયોએ પોતાના પૈસે ભાડું જમા કરાવ્યું હતું.